૪-બી
૦૯૯૪૫

# બારીસ્ટર + B

પ્રકાશક:- મુંબઈ ગુજરાતી
નાટક મંડળી.

ઈ.સ. ૧૯-૧૭

# બારીસ્ટર

—:o:—

આવૃત્તિ ત્રીજી

છપાવી પ્રસિદ્ધ કરનાર

**મુંબઈ ગુજરાતી નાટક મંડળીના માલેક.**

સર્વ હક્ક સ્વાધીન છે.

મુંબઈ.

[ ધી શમશેર પ્રિન્ટિંગ પ્રેસમાં

શમશુદ્દીન ઍન્ડ અબ્દુલરસુલે છાપી.

૨૨૫, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, બંગડી બજાર ]

સને ૧૯૧૭ સંવત્ ૧૯૭૩

કીંમત રૂાં. ૦-૨-૦

# પાત્રો

---

## પુરૂષ વર્ગ.

કેશવલાલ.................બારીસ્ટર
શંકર......................તેનો નાનો ભાઈ
દેવરામ....................તેનો મોટો ભાઈ
જદુરામ..................તેનો બાપ
જગજીવન... ...............બારીસ્ટરનો મિત્ર
પ્રાણશંકર................બારીસ્ટરનો બનેવી ફિરંગીના છુપા વેશમાં રહેલો
જીવણ......................શંકરનો મિત્ર
હરિશંકર..................પ્રાણશંકરનો દોસ્ત
ચીમન.....................બારીસ્ટરનો દીકરો

## સ્ત્રી વર્ગ.

ચંદન.....................બારીસ્ટરની સ્ત્રી.
ગલાલ....................બારીસ્ટરની મા.
કેસર.....................દેવરામની સ્ત્રી.
નાની }
રાધા }...................બારીસ્ટરની બ્હેનો
દેવકોર....................જગજીવનની વહુ અને પ્રાણશંકરની બ્હેન
ગંગા.......................તેની દીકરી

અમ્હો સમાજ સ્ત્રીઓ; પારસી છોકરીઓ, સોલજરો; સેલરના છોકરા, મહેતાજી, નિશાળીઆ, લેણીઆત ઈત્યાદી.

# નાટકનો ટુંક સાર.

## અંક ૧ લો.

**પ્રવેશ ૧ લો**—બે બાલિકાઓ આવી, નાટક આવી મતલબનું શા માટે કર્યું; તેનાં કારણો સમજાવી જાય છે.

**પ્રવેશ ૨ જો**—કેશવલાલ. બારીસ્ટરની પરીક્ષામાં પાસ થઇ, ઈંગ્લાંડથી આવેછે; મુંબઈમાં ભણતો તેનો ભાઈ શંકર; તથા જગજીવન વગેરે બારીસ્ટરના મિત્રો બારીસ્ટરને સામે લેવા પાલવા બંદરપર આવે છે

**પ્રવેશ ૩ જો**—દેવકોર અને જગજીવન પોતાની પુત્રીને શંકર ભણાવતો તે ઉપકારના બદલામાં એક કિમ્મતી ભેટ ગંગાને હાથે શંકરને અપાવે છે.

**પ્રવેશ ૪ થો**—ફિરંગીના છુપા વેસમાં રહેલા બારીસ્ટરના બનેવી પ્રાણશંકરને બારીસ્ટર સાથે પાલવાપર ઉતરતાંજ, હરીશંકર નામના તેના ઓળખીતાએ ઓળખેલો; તે આવી પ્રાણશંકરને એમ કરવાનું કારણ પુછેછે. પ્રાણશંકર પરણ્યા પછી વેપાર માટે જંગબાર ગએલ તેની ગેર હાજરીમાં તેના કોઇ દુશ્મને તેના મરણના ખબર તેને સાસરે મોકલાવેલાં જંગબારથી આવતા પ્રાણશંકરને એ ખબર પડી. એડનમાં તેને કેશવલાલ મળ્યો. પોતાની સ્ત્રીની પરીક્ષા જોવાના હેતુથી પ્રાણશંકરે અજાણ્યો થઈ કેશવલાલની નોકરી લીધી. આ વાત તથા બારીસ્ટરે મુંબઇ આવ્યા પછી મોજ શોખમાં પૈસો ઉડાવી દીધો, તેના બાપે સિદ્ધપુરથી કંઇ મોકલ્યું નહિ તેથી આજે ત્યાં જનાર છે. એ વાત બંને કરે છે. એટલામાં બારીસ્ટર, શંકર અને જગજીવન આવે છે. બારીસ્ટર, નાનાભાઇને હોટલનાં ચા, બીસ્કીટ ખાવા દબાણ કરે છે. તેપરથી,

જગજીવન તથા બારીસ્ટર વચ્ચે માંસાહાર સંબંધી વાદ થાય છે. બાદ ગાડીનો વખત થતાં સિદ્ધપુર જવા ઉપડે છે

**પ્રવેશ ૫ મો**—જદુરામ ભટ્ટ સવારમાં પુજા કરે છે; એટલામાં શંકર તથા બારીસ્ટર આવે છે, બારીસ્ટરનું અપમાન થતાં માબાપ સામો તપી જાયછે. પણ તેનો મોટો ભાઈ દેવરામ સૌના મનનું સમાધાન કરે છે.

**પ્રવેશ ૬ ઠો**—દેવરામની વહુ કેશર પતિ પુજા કરે છે; તે પ્રાણશંકર તથા બારીસ્ટર જુએ છે, દેર ભોજાઇ વચ્ચે પતિ પુજા સંબંધી ચરચા થાય છે.

**પ્રવેશ ૭મો**—ગંગા અને તેની સખીઓનો આનંદ પ્રસંગ

**પ્રવેશ ૮ મો**—બારીસ્ટર પોતાની વહુ ચંદનની લાજ છોડાવી પોતે તેને માટે આણેલા વસ્ત્રાભુષણ બતાવે છે. તથા સ્ત્રી સુધારાની શરૂઆત થાય છે.

**પ્રવેશ ૯ મો**—નિશાળના મેતાજી છોકરાઓને ઠાઠથી બારીસ્ટરને ત્યાં છુટી લેવા તેડી જાય છે; રસ્તામાં શંકર અને પ્રાણશંકર મળે છે એ બન્ને ત્યાંથી કોરટમાં જતા હતા કેમકે જદુરામ ભટ્ટ પરના દેણા સબંધી કેસનો આજે ચુકાદો હતો, બારીસ્ટરે વિલાયત ભણવા જવા માટે રૂપાના વેપારને બહાને બાપ પાસેથી ઘરમાંથી રૂપીઆ કહડાવેલા, તેમજ ગામમાંથી કરજાઉ લેવરાવેલા, અને પછી સટકી ગએલો તેનું એ કરજ હતું મેતાજી વાતમાં વચ્ચેજ માંથું મારી છોકરાઓની કવાયત દેખાડવા જાય છે. બદલામાં તેને માત્ર સજા કરી બન્ને જાયછે અધુરૂં છોકરા પુરૂં કરે છે.

**પ્રવેશ ૧૦ મો**—જદુરામભટ્ટનું ઘરબાર લેણીયાતને સોંપાયછે જદુરામ ભટ્ટ કેદમાં જતાં ઘરમાં મળવા આવે છે, લેણીઆત બધાંને ઘરમાંથી કહાડી મુકે છે.

**પ્રવેશ ૬ ઠ્ઠો**—મેટ્રીકના માંડવાની મુસીબત તથા પાસ થવાની આશાએ ઘણું લખતા જતાં વખત ચુકવાથી શંકરનું ના પાસ થવું.

**પ્રવેશ ૭ મો**—મેટ્રીકનો વખત હોવાથી શંકરને બદલે જીવણ ગંગાને ભણાવવા આવતો. તે આજે પ્રેમ વશ ગંગાના પ્રેમને વધારે ઉત્તેજન આપે છે.

**પ્રવેશ ૮ મો**—શંકર ના પાસ થયાના જગજીવન ખબર લાવે છે. શંકરને ગંગા અપાય એમ ન રહેવાથી બીજા સાથે વરાવવા ધારે છે. ગંગાનો ગભરાટ જોઇ માબાપનાં હૃદય પીગળે છે, અને શંકરનેજ આપવી એમ ઠરે છે પણ ત્યાર પહેલાં બારીસ્ટરને સુધારવાના ઉપાય લેવાનું કામ તેના ઘરનાની સંમતિથી દેવકોર માથે ઉઠાવે છે.

**પ્રવેશ ૯ મો**—શંકરની મા જુદી ઓરડીમાં જઈ રહ્યાં પણ શાંત સ્વભાવની રાધા બારીસ્ટર સાથેજ રહી ચોતરફથી શોકથી ઘેરાએલો શંકર અને તેનો મિત્ર બોરીબંદર પાસે બાગમાં જઇ બેસે છે એટલામાં અકળાએલી ગંગા, સંકર પાસે જવા નીકલેલી તે અહીંજ આવી ટ્રામમાંથી ઉતરી જાય છે, તેની વિહ્વળ દશા જોતાં શંકર અને જીવન આવે છે. અને શંકર તેને સમજાવી તેના બાપના ઘર તરફ લઇ જાય છે.

—:o:—

## અંક ૩ જો.

**પ્રવેશ ૧ લો**—બારીસ્ટરને સુધારવાની યુક્તિનો આજે અમલ થાય છે, કોઇ પ્રેમીપર લખતી હોય એમ ચંદન એક

ચીઠી લખે છે અને તે નાની મારફત બારીસ્ટરને અપાવે છે; તથા પોતે પુરૂષના પોષકવાળી દેવકોર સાથે બેન્ડસ્ટેન્ડપર ફરવા જાય છે. ચીઠી વાંચી ગુસ્સે થયલા કેશવને, જગજીવન તથા પ્રાણશંકર ગોઠવણુ મુજબ ત્યાંજ તેડી જાય છે.

**પ્રવેશ ૨ જો**—જાહેરમાં પરપુરૂષ સાથે પોતાની સ્ત્રીને અતિ છુટથી વર્તતી જોઈ, બારીસ્ટર બહુ ગુસ્સે થાય છે; પણ ચંદન તેની જરાએ પરવા ન કરતાં ચાલી જાય છે.

**પ્રવેશ ૩ જો**—ઉદાસ થએલો કેશવ ઘેર આવે છે, તેને રાધા યુરોપી સ્વતંત્રતાનાં કડવાં ફળોનો બોધ આપે છે. પોતે ભરેલાં પગલાંઓ માટે કેશવ પસ્તાય છે. એટલાંમાં ચંદન અને પુરૂષ વેષે દેવકોર આવે છે. ભેદ ફુટે છે. બારીસ્ટર શરમાય છે માને બોલાવવા રાધાને મોકલે છે. અને બાપને છોડાવવા રૂપીઆ આપી જગજીવનને સિદ્ધપુર રવાના કરે છે. પોતે ધર્મ ક્રિયાથી શુધ થવા નાશીક જાય છે.

**પ્રવેશ ૪ થો**—ગરીબાઇનો અનુભવ થતાં એ કોમળ ગંગાથી નહિ સહેવાય એમ લાગતાં શંકર, ગંગાથી સદાને માટે છુટો પડવા આવે છે. પણ પરિણામે ઉલટો વધારે બંધાઇને જાય છે.

**પ્રવેશ ૫ મો**—પ્રાણશંકર હવે ફીરંગીનો વેશ છોડી જાહેર કેમ થવું એ માટે ગભરાય છે. અને સલાહ લેવા પોતાની બેન દેવકોરને બોલાવે છે, ભાઈ બેનની ઓળખાણ તથા સંતલસ—

પ્રવેશ ૬ ઠો—દેવકોર, ગંગાને પોતાની સાથે બારીસ્ટરને ત્યાં લાવેલી પોતાનું વેશવાળ શંકર સાથે થવાનું છે એ ગંગાને ખબર હતી. મા સાથે ફરીથી ભાઇના ઘરમાં આવી વસેલો શંકર પ્રીયાને જોઇ ઉમળકે આગળ વધે છે. પણ ગંગા ટીખળ કરવા તેને એકદમ અટકાવે છે અને કહે છે કે હું તમને છોડી દેવા આવીછું. પ્રેમ, એ ટીખળ અલબત વધારે વખત ટકવા નથી દેતો.

પ્રવેશ ૭ મો—પ્રાણશંકરને સધાનો મેળાપ શંકરનું વેશવાળ; બારીસ્ટરની માબાપ પાસે ક્ષમા માગવી અને કુટુંબનો સંતોષ.



# બારીસ્ટર.

—:o:—

## અંક ૧ લો

એ છોકરી—　　　　　૧

નમન કરૂં સાંબ નેહ, જટા માંહી શીત ગંગ વહે છે;
ભાલે શીતલ ચંદ્ર સોહે સોહે;　　　　નમન૦
ખોળે સુત ગણુ નાયક કુમાર ભરો શાંતી સૌ ગેહે
　　　　નમન૦

એ છોકરી--　　　　　૨

શી ખીલી રહી શીળી ચાંદની, પેલો મેઘ ગયો કયંહી ન્હાસી
રાત્રી હસતી હાસ હુલાસી, વશ્વબધું બન્યું શાન્તી વિલાસી
વિતી દશા ઉન્માદની આજ વિતીદશા ઉન્માદની (૨) શી૦

સેલરના છોકરા--　　　　　૩

આઇ હૅવ બીન ટુ સાઉથ કેરો લીના,
ઍન્ડ સૅમ્બોઇઝ માઇ નેમ,
માઇ વાઇફ શી કૉલ્સ મીસૅમ
વીચ સુઇસ મી જસ્ટ ધી સૅમ,
ઍન્ડ ઍનીથીંગ આઈસી,
ઇટ લુક્સ સોનીટ ઍડશાઈ
ફૉર આયવ ટેકન આ ટ્રેક ઑફ આરન અવેન્જેફ;
ઍન્ડ આઇલ નૅવર કમ ઍક ઍનીમોર, ધેન ઓહ આઇહૅા-ઇટ

૪

દેવકોર—

સંતાન સમું સુખ વિશ્વમાં બીજું નહિ
શીત ઝરણુ સખ્ત તપ્ત વાળુમાં બીજું નહિ;
આ જહેરથી ભર્યા જગત મહીં આરામ ઠામ
સંતાનના સમું અમી ભર્યું બીજું નહિ,
આશા નવ નવી તણું વ્હાલું વિલાસસ્થાન
સંતાનના સમું મને દીસે બીજું નહિ

૫

દેવકોર—

પ્રેમ મીઠો રસ ભાવે સહુ પિએજી
પ્રેમ જીવે રાજ આ સઘળા સંસાર
હો પ્રેમીરે; કાં વહેમીરે;
પ્રેમ હૈડું વણઆડે એ નાહીં કહીએજી
સાચાં પ્રેમી દિલને દિલ સહુ દીયેજી
ધન્ય એનો રાજ વિશ્વ વિષે વ્યવહાર
હો પ્રેમીરે; કાં વહેમીરે;
પ્રેમ સાચી સાંભળી આનંદે રહીએજી

૬

શંકર—

બાળા શાણી તું સમાણી મને લાગેરે વ્હાલી
લાગેરે વ્હાલી સલુણી કાલીરે કાલી; બાળા૦
ગંગા—અંતર છળકાય મારૂ હર્ષથી ભરેલુંઆ,
વાળું કેમ આપનો આભાર હોજી આજ બાળા૦
બેનજી સંભાળ ફરી આ ગરીબ કેરી
શંકર—આંવીશ જલ્દી ન અકળા લગાર ડાહી આજ બાળા૦

પ્રાણશંકર— ૭

આવ્યા જંગબાર જઇ બન્યા ફિરંગી ભાઈ
બ્રાહ્મણ રૂપ તજી દઇ થયા યુરોપ શાહી
મુવેલો ધારી મુજને નારી દુઃખ માહીં
ધર્મ ધારી રહી હશે કે પાપ ફસાઇ

કોરસ

જાણે સૌ મને તો મુવેલો જગત્
જાણી જોઇ આપણે બન્યા મુંગા ભગત્
પ્રાણશંકર નામને સાટે આ વખત્
ઓથેલો કહાવવાનું હશે લખત્
કેશવ આગબોટ પર દીઠો આવતાં ઘેર,
મળી લીધી તેની નોકરી આ પેર,
સ્ત્રીની ચાલ જોવા જઇશું સાળા સાથ,
જોશું શીળવંતી તો તેના થાશું નાથ.

પ્રાણશંકર— ૮

વિલાત જઇ આવ્યા, જાણે થયા દેવદૂત, મૂર્ખ કહો એ કેવા;
ગણી મન હરખાય ગોરી મડમના પૂત મૂર્ખ કહો એ કેવા;

કોરસ

પહેરે બુટ સ્ટાકીંગ, મોટા કુલીસના કીંગ. મૂર્ખ કહો એ કેવા;
ગીની ગોલ્ડ તણી રીંગ, પ્રાઇસ ટુફાઘીંગ, મૂર્ખ કહો એ કેવા;
જાય ભુલી માને બાપ, જાય ભુલી જાત આપ, મૂર્ખ કહો એ કેવા;
અને પરના ગુલામ; સોસો એવાને સલામ મૂર્ખ કહો એ કેવા;

૯

કેશવ—

પથ્થરને મુરખો પુંજે, તાણે તીલાં લઇ કપાળ;
વહેમોની વાતો સૂઝે, પરણાવે નાના બાળ;

કોરસ

કરે બદ કામ, બોળે હિંદ નામ, ઠરે નીચ ઠામ, મુકે છેકમામ;
લીએ જુઠ દામ, મળે શું આરામ, એવા છે હિંદુ તમામ.

૧૦

જગજીવન—

વાઇનબ્રાન્ડીકેલેરેટ શેમપેઇન બાટલીના બુચ ફ્ચોફ્ચ-વાઇન
મહીં મટન રોસ્ટ, મહીં સુકકરનું ગોસ્ટ
એગચીકીનના દોસ્ત, બન્યા હોટેલના હોસ્ટ વાઇન૦
પુડીંગ પાંઉં મીઠાં ઉડાવતાં મેં દીઠાં
અંગરેજનાં અજીઠાં, રેચેડ મોસ્ટ,
જોતાં થાયય સૂગ હા! હુબકનો હુબ પશાઃ
જમેતે, ગમેતે, ભમેતે, ફેશનમાં મોસ્ટ ઈનવેઇન; વાઇન૦

કેશવ— ૧૧

ઓ લો યુ ટેક ધીસ;
શંકર—ઉં હું છીસ છીટ્;
કેશવ—એ બીસકીટ ખા જાઓ.
બચ્ચા બ્હી નહિ,
શંકર—નહિજી નહિ.
કેશવ—એ બાજુ આ જાઓ.
ખોલો મોં બસ
શંકર—ઓ યસ્ યસ્ યસ્
બટ યુ થોરા દુર થાઓ.

કેશવ—ઓ યસ

શંકર—ઓ યસ

કેશવ—ઓ લુચ્ચા ચૅપ.

શંકર—ઓ ભાઈ જરા શરમાઓ.

કેશવ—લો બીસકીટ

શંકર—ઓ છીટ છીટ

કેશવ—ઓ ટુમ યે ખા જાઓ,

શંકર—વારૂ રામ રામ.

કેશવ—ઓ યુ ઢયામ

શંકર—બારીસ્ટર શરમાઓ

કેશવ— ૧૨

સે ગુડ બાઇ એન્ડ ગુડ ઈવનીંગ,
નોટ જયકૃષ્ણ જયગોવિંદ;
હાઉ મચ શ્વીટ ગુડ મોરનીંગ ! કેમ ?
વ્હૉટ જય જય જય રાસ્કલ ડેમ
ઇન્ડીઅન બોલ આર મેનર લેસ
ભા ભા આવો બચ્ચા બેસ,
શેક હેન્ડ બોહુ ? ઈઝ મેનર પ્લેઈન,
યુ હેવ શેઈમ એન્ડ શેઇમ અગેન.

૧૩

નાની—રામ તું ઉદ્ધાર ત્રાતા રામ તું ઉધારરે;
રૂડું તારૂં નામ ત્રાતા, રામ તું ઉદ્ધારરે રામ૦
તું વિના ના અન્ય કોઇ, સાચુ શરણ મારેરે.
ગરીબ બાળ. અમને કોણ. તું વિના ઉગારેરે; રામ૦

૧૪

**નાની**--હસો બાપા હસોની હસોની જરીક.
**ચીમન**--હસો ફઈને સામે બાપા ઠીક, ઠીક, ઠીક,
**નાની**--માને માને મારૂં કહ્યું
**ચીમન**--તો અમારૂ રહ્યું
**નાની**--જાએ તેના સહ્યું.
**ચીમન**--નાનીઃ-હસો હાઃ હાઃ હાઃ હાઃ હસો૦
**ચીમન**-- બાપા હાસાવું કાખલી કુટાવું
**નાની**--વાહવારે બાહદર જવાં
**ચીમન**-- હસો બાપા મારા
**નાની**--હસો બાપા પ્યારા,
**ચીમન**-- હસો બાપા સારા
બન્ને--હસો હાઃ હાઃ હાઃ

કેશવ—

૧૫

બનાવીશ બશ મુજ બૈરીને સ્વતંત્ર હું નિરધાર
સમજાવીશ એને સઘળો હું સુધારાનો સાર,
પુરૂષને સ્ત્રીઓ સદાય છે સમાન હક ધરવા,
નહી નારી નીપજાવી કેવળ ગુલામગીરી કરવા;
લઇ જાઉં છું હું હમણા સાથે સ્ટેશને ફરવા
પહેરાવી બુટ સ્ટોકીંગ સ્પેકટી કલ્સ હેવનો પરવા

સર્વે—

૧૬

મેંદી પોતું મેંદી પોતું મેંદી પોતું જાય
એક હું હલાવું ત્યારે ડાળી હાલે ચાર
સહીયર મેંદી લેશે રે;

૧. **લી**—મારી સાસુએ એમ કહ્યું જે;
વાસીદાં વાળી મેલ,
મેં ભોળીએ એમ જાણ્યું કે,
સાવરણી બાળી મે'લ, સહીઅર
૨. **જી**—મારી સાસુએ એમ કહ્યું જે
પાણી ભરી મે'લ
મેં ભોળીએ એમ જાણ્યું કે
બેડાં ફોડી મે'લ સહીઅર
૩, **જી**--મારી સાસુએ એમ કહ્યુ જે;
રાંધણાં રાંધી મે'લ
મેં ભોળીએ એમ જાણ્યું જે,
ચુલો ખોદી મે'લ સહીઅર
૪, **થી**--મારી સાસુએ એમ કહ્યું જે,
ગાયો દોહી મે'લ
મેં ભોળીએ એમ જાણ્યું જે,
ગાયો છોડી મે'લ સહીઅર
૫, **ભી**--મારી સાસુએ એમ કહ્યું જે,
કોડમાં દીવો મે'લ
મેં ભોળીએ એમ જાણ્યું કે
સોડમાં દીવો મે'લ સહીઅર

**સર્વે**-- ૧૭

જો જો ચલાવશે કેવી ચતુરાઇ
વરને ભણાવશે આ ગંગાબાઇ
જાઓ લજાઓ ન ખાલી બનાવો
માંડી તમોએ આ શેની ભવાઇ વરને૦
ચુપ બોલાવશો નહિં મને તો
થશે એમાંથી મોટી લડાઇ વરને૦

૧૮

કેશવ—

આતે કેવીરે રીત આતે કેવીરે પ્રીત
થાઉં અજબ અજબ હું ખચીત          આતે૦
પતિનાં પૂતળાં પુજવાં શાં, પાય ધોઇ પાણી પીવાં
મોક્ષ લેવા અંધ કેવાં મૅંડ જેવાં રાખે ચિત્ત;  આતે૦

૧૯

નાની--

વ્હીલાં વ્હીલાં ચાલ્યાં આહા,
ભાભી મહારીનાં લાડી          વ્હીલાં૦
બુટ બોલે, માથુ ડોલે,
આંખ થાય વ્હીકણુસીની બાડી
ધીરે ધીરે બાપુડી પઢાવો
જરા ધીમે ધીમેથી કુદાવો
બાપુ હળવે બાપુ હળવે
ભાભી લાઉં એકાદી ગાડી          વ્હીલાં૦

ચીમન }
છોકરાઓ }

૨૦

સોટી વાગે ચમ ચમ ચમ ચમ
વિદ્યા આવે રમ ઝમ રમ ઝમ
મેહેતાજીની સોટી, લાંબી મોટી,
વાસે ચોટી, વાગે ખોટી,
વાળે તોટી બોલે સમ્ સમ્ સમ્ સમ્ ;          વિદ્યા૦
મહેતાજીની ઘોડી, રૂડી જોડી;
પગે ખોડી, મુકી છોડી;
જાએ દોડી, ચાલે ધમ ધમ ધમ ધમ;          વિદ્યા૦

**સર્વ છોકરા—** ૨૧

આવો સૌ યાર લગાઓ,
મીઠી મીઠાઈની મજા, મહેતાજીને ચખાવો; આવો૦
સોટીતો આમ સટોસટ,
**મહેતાજી**--એ બાપારે એ મારે હાય,
**છોકરા**--ટોપી તો આમ તડોતડ,
**મહેતાજી**--એ બાપારે એ મારે હાય,
**છોકરા**--થપાટો આમ થડો થડ,
**મહેતાજી**--એ બાપારે એ મારે હાય;
**છોકરા**--ખપાટે આમ ખડોખડ
**મહેતાજી**—એ બાપારે એ મારે હાય,
મારી નાંખ્યો બાપ કોઇ ધાઓ ધાઓ; આવો૦

૨૨

**સર્વ**--હવે મન કેમ ધરાએ ધીર, નયણે ખળ ખળ ચાલે નીર;
**જદુરામ**--અંતરથી અળગાં નહિ કીધાઃ મારાં ગણો લગીર;
**નાની**--છોડી જાતાં એ સ્નેહી સહ્વાનાં કાળજ લાગે તીર;
**સર્વ**--હાય શી આફ્ત આવી પડો આ; ઓચીંતી અમશીર;

——:o:——

## અંક ૨ જો

**ચંદન**-- ૨૩

વળશે ક્યારે કુટુંબ સુખ મારૂં, લાગે એ વીણ સહું ખારૂં રે;
વળશે.

કહ્યુ કરૂ કાન્ત તણું, થશે પીયુ શાંત ઘણું;
મધુરી મધુરી શીખ હું ઉચ્ચારૂંરે; વળશે.

કાન નહીં ધરે કંથ વિચરે એ વિપત પંથ
શી રીતે હું પાર એ ઉતારૂં રે;

કેશવ-- ૨૪

દેસાભિમાનનો ઝુંડો ફરકાંવો ભ્રાત,
દુખે બળતી હિંદ બચાવો,
ટુકડા માટે ટળવળતી રાંક બીચારીએ
કેમ રહ્યા છો બેસી એ દુખ જોઇ
અંતર આગ બળે નહિ જેને દુખી દેશ જોઈ
એના જેવા અધમ જગતમાં બીજા ગણુવા નહીં કોઇ
જાગો મિત્રો ઉંઘી કેમ રહ્યા? આજ વખત છે સેવા કરવા
છોડી શકળ સુખ નીજનાં ચાલો, આગળ વિજય વિજય છે
દેશા૦

૨૫

ચીમન--આવતું નાની રમત મજાની રમીએ ના કર વાર,
નાની--રમ પાનાની મોઇ ડાંડાની કે ઘોડા અશવાર
ચીમન--ઘોડો બનતુ કરૂં અસવારી
નાની--વાહ ગધ્ધા સરદાર, ચુપ મસ્તાની, ઠઠ્ઠા શાની!
ચીમન--કરતું ખાઇશ માર
નાની--માર લે માર
ચીમન--ના જા બ્હાર
નાની--થા તૈયાર
ચીમન--કર લે પાર
આવતું૦

નાની ચીમન-- ૨૬

આનંદ ના સમાયેરે
દાદા છુટી આવે ઘેર, બાપા છુટી આવે ઘેર આ૦

## ૨૬

દોડીને ચડી ખોળામાં
પ્રેમના ઝરેથી વહેતાં
આંસુ લુછીશું આનંદ ભેર આ૦
હર્ષથી હૈયામાં ચાંપે હેત ભરી ચુમી આપે
ઉઠે સુખ પયો નિધી લ્હેર આ૦

## ૨૭

**ચીમન–નાની**–સંકટ સંભારો દાદાના ઓ ભાઈ મારા
**નાની**––શીરછત્ર ત્યાં સુકાએ, ઘર બાળી તીર્થ થાએ,
**ચંદન**––કેળવણી કંથ ગવાશે
**બારીસ્ટર**––પણ પરમારથ પંકાશે
**નાની**––કપુત નામ ઠરશે,
**ચંદન**––ઘર ઘરમાં વાત કરશે
**નાની**––કરશે સૌ લોકો ફટ ફટ
**બારીસ્ટર**––નખાઓ શીર જાઓ
**નાની**––નખાઓ ભુલાઓ
લજાઓ લજાઓ ઓ ભાઇ મારા

## ૨૮

ગંગા––

આવી ઓ માડી હુલાવેલી લાડી તારી
કાલી કાલી ઘેલી ઘેલી થઇને લડાવે લાડ
હરખે હૈડામાં ઝુલાવેલી લાડીલી તારી આવી૦
રૂપમાં રમા બનાવી, ડહાપણે પુરી ડુલાવી
જુદી જુદી તેં ફુલાવેલી લાડીલી તારી આવી૦

ડાહી તજી ક્યમ ઘેલી કહી? મા મુંજને એ ગમશે નહિ
હું તુજ રઢીઆળી દીકરી, કેમ ગણે એને ઠીકરી?
માતા ધણુ ન જુએ સામણે, કોન જગતમાં એન ગણે?

થયું છે એટલું માડી, મને કેમ દાડી, દાડી
ઠગતી કહી રૂપાળી? ફસાવી ભોળી બાળી?

મને સૌ ચીડવે બાળા, પાડે મારી ચાલના ચાળા

સખી મને કહે છે કાળી,

(હે?) માડી શું હું છું રૂપાળી?

રૂપાળીનો મટકો જોજે.

ગંગા—

૨૯

બોલો બોલો બોલો વાણી બોલોજી,
મધુરી મધુરી મધુરી વાચા બોલો
બોલો બોલો વાણી બોલોજી
સુંદર સુરસ સરલ સુભગ
મોહક મધુરી બોલો બોલો
બોલો વાણી બોલોજી
શાને રસાળ ફળે અણુમોલોન?
સાહિત્યે મસ્ત બની શીદ ડોલો ન?
હુંકે ધીમે મુજ અંતરનો હીંદોલો-દોલો-બોલો વાણીબોલોજી

શંકર— ૩૦

મુગ્ધ બન્યો હું આ મુગ્ધાથીરે,
દિલેપ્રીતિ રંગે રંગે;

જીવન— પણ ધીમે ધીમે,

શંકર—પલટ્યું જીગરઆ, જીંદગી, પલટીરે,
મોહીની સંગે સંગે,

જીવન— પણ ધીમે ધીમે,

શંકર—તાલા વેલી તનમાં લાગીરે,
વ્યાકુળ અંગે અંગે,

જીવન— પણ ધીમે ધીમે

નાની— ૩૧

પ્રેમ સુધારસ પી પ્રાણી
ભરભર પ્યાલા પા તું રસીકને
તું પણ પીલે, પ્રાણી પ્રાણી
ભવ સાથ ભગી જાવા ભાવે
લ્હાતું અજબ લ્હાણી પ્રાણી—પ્રેમ૦

નાની— ૩૨

અહી પડે મુડદું કે પણે જઈ બીજીને પરણે.
જુએ વાટ થાય ઝટ ત્રીજી બીજીને પરણે
મૃદુ હસતી પિમળી પિમળી
પડી ઘાતકી હાથે વિમળી
વીમળાઈ જાય કળી કુમળી
કયમ કમ કમાય નહીં એરાક્ષસી આચરણે અહીં૦

નાની— ૩૩

એ મહેરબાન જરા ખમીખાઓ
ખમીખાઓ આઓ ન અહીં;
રહો હવે ભરમ મહીંજ તહીં; જરા૦
હું ઉસ્તાદની ઉસ્તાદ, ઉસ્તાદ યાદરાખો
બનાવું ઉલ્લુ હું તમને આજ, દાઝ નહિ દાખો
નહિ દાખો સામી હું સમી; જરા૦

ગંગા— ૩૪

અરે હાંરે મારી તલખી તલખી વીતે રૈન,
તલખી તલખી વીતે રૈન—નહિ ચૈન; મારી૦
મતિ ભુલી ભાન જ્યાં ચુકી, હવે શું રહ્યું બાકી?
શરમમાં આગ જ્યાં ફુંકી હવે શું રહ્યું બાકી?
હૃદયની શાન્તિ જ્યાં સુકી, હવે શું રહ્યું બાકી?
ગળે તલવાર જ્યાં મુકી હવે શું રહ્યું બાકી?
બન્યું ઉધ્ધત ચડયું શીર મસ્ત મદ ઘેન; મારી૦

ગંગા— ૩૫

થાએ આશા પુરી મોરા વાલમાં,
હું રાખું તમોને હૈડા મોઝાર,
એ મારા આધાર; મોરા૦
દદીં દીલ તમારૂં પાળું પ્રેમથી.
સુવા દઉં હું ફાળી શૈયા આવાર,
આ હૈયા મોઝાર, મોરા૦

મારા વાલમજીને અર્પી જીંદગી,
આશા પુરે અંબા દીન ઉધ્ધાર,
કરૂણા ભંડાર, મારા૦

દેવકોર— ૩૬

આતુર મન મારૂં આજે, ઘડી ધીર ધરેના,
ઘડી ધીર ધરેના,
ફડકે આશાને અવાજે ઘડી ધીર ધરેના
ઘડી ધીર ધરેના આ૦

ભયને શંકા ભર્યું એ, સ્થીર ઠરેના
વ્હાલી બાલીકાના સુખ કાજે, ઘડી ધીર ધરેના આ૦
પાણી પાણી દેખે કોઈ દેખે બંદરેના
તોફાનમાં એ ઘુમતાં જહાજે ઘડી ધીર ધરેના,
ઘડી ધીર ધરેના આ૦

દેવકોર— ૩૭

મને લાગે વ્હાલી, મારી ઘેલી કાલી,
કાલી વ્હાલી મારી લાડીલી;
મને૦
મારી લાડિલી મારી લાડીલી,
હરખે હુલાવી મેં પ્રેમે ઝુલાવીમેં
વેલી ખીલાવીમેં કુલી ફાલી,
એ મારી કુમારી બીચારી દુઃખીઆરી
પીઆરી પીઆરી મારી લાડિલી,
મને૦
મારી લાડિલી મારી લાડિલી,

સોલ્જરો— ૩૮

કમ્ ઑલ યુ ડારકીસ લીસન એન્ડ આઇલ
ટેલયુ વૉટ બી ફૅલ;
આ વેરી પ્રેટીય લ્લો ગર્લ મીસ જુલી
ઍટ આ બૅલ,
હુઝ પ્લેફુલ વાઇલ્સ એન્ડ વીચીંગ
સ્માઇલ્સ ડીસટેકટેડ એવરી હાર્ટ
શી હડ આ સ્કોર ઓર ઓક્ષ
ઓર મૉર સો વૅલ શી પ્લેડ હર પાર્ટ
જુલી ઍટ આ બૅલ,
જુલી ઍટ આ બૅલ,
જુલી જુલી જુલી જુલી.
જુલી ઍટ આ બૅલ.

૩૯

ગંગા—મનના મનોરથ સફળ થશે શું ?
શંકર—સફળ થશે અવતાર,
ગંગા--પ્રેમ તણી પ્યાસી છું પ્યાસી,
શંકર--પ્રીતી જળ પાઉં પ્યાસ છીપાવું
ગંગા—હાઉં શીતલ કાસાર પ્રેમતણી૦
અંતર ભર ભર પ્રેમ રંગ છાંટું,
શંકર—ભીંજી ભીજાવું આધાર; પ્રેમતણી૦
ગંગા--પેમ નિશા મહી મસ્ત હુ પ્રીતમ.
શંકર—ઘેલો હું તો હૈયા હાર, પ્રેમતણી૦

—:○:—

## અંક ૩ જો

——:o:——

**ચંદન--** ૪૦

બાંધ્યો ધર્મ બંધનથી જગ વ્યવહારરે
તજે એ સુખ સારરે; થશે ન શુભ લગારરે બાંધ્યો૦
રત્નથી ભરેલો રૂડો રતનાસાગર
આવે ઉછળી હદ પારરે, ડુબાવે સૌ સંસારરે, બાંધ્યો૦

**કેશવ—** ૪૧

સ્નેહ પુરમાં તરશું, ફરશું બન્ને બેલડીએ વળગી
આવે નહિતો સમછે મારા તુજને કરીશ નહીં અળગી

**પ્રાણશંકર—** ૪૨

આ સુધારાના ચાર, કરી યુરોપી પ્યાર
પામેછે આખર પેજાર આ૦
લેડી પાસે લાચાર. ભુલ્યા ભટકે ગમાર,
રહે આંખો ચોળી એ આખરે: આ૦
બેશક છે સ્ત્રી અતિ માન યોગ્ય પુરૂષ કેરી પ્રાણ
રહે પ્રેમ-ધર્મ બેથી બાંધ્યાં નહિતો થાએ હાણ
લાગ્યો શાન્તિને સુખનાશ પમાડનાર
યુરોપી આજાર; આર્યોને આવાર. આ૦

૪૩

ચંદન-પીયુજી આજે આવો તો સાચાં સુખ માણીએ હો રાજ
નેડો નાણીએ હો રાજ

કેશવ-પ્યારી સાચાં સુખનો પંથ બતાવ્યો કંથને તેં આજ;
નેડો નાણવાને કાજ;

ચંદન--પીયુજી પ્રેમ તણે પંથે વિચરો, ને
હવે મોજ કરોને,

કેશવ--દિલ શાન્તિ ભરો ને,

ચંદન--રંગ જંગે રો ને,

કેશવ--પ્યારી તો કાં ડરો, લ્યો આજ
નેડો નાણુવાને કાજ, પીયુંજી.

૪૪

શંકર—અલબેલી આવો પ્રેમ ઘેલી;

ગંગા--ના તમે જાઓ તમે જાઓ;
શીદ મોહન ઉભા મામ મેલી

શંકર--ઓ તમે આવો તમે આવો
આવો મોહિની નવેલી વ્હેલી વ્હેલી

ગંગા—ના તમે જાઓ તમે જાઓ;
લ્હાણુ લઇશ અકેલી ખેલી ખેલી

શંકર--ઓ તમે આવો તમે આવો.

દેવકોર--

૪૫

જુઠ્ઠાન જુઠ્ઠાઇ તારી છુટી
વછુટી નહિ બુટ્ટી લુચ્ચાઇ,
બુટ્ટી લુચ્ચાઇ નહિ તુટી લુચ્ચાઇ જુ૦
જુ૦

લખણુ ઝળકે લાકડાનાં
બાંધુ ધોળી ધજા લો શીરે
લોકો આવો

**પ્રાણશંકર**--શીત્ શીત્ શીત્
**દેવકોર**--ચોખો લાવો
**પ્રાણશંકર**--એ........એ........એ........
**દેવકોર**--લ્યો વધાવો
**પ્રાણશંકર**--જા, જા, જા, જુ૦

૪૬

**શંકર**--છણકો નકર છણુકો નકર હાંરે છબીલી
**ગંગા**--ભુરકી નાખીને મને તો ભમાવી
**શંકર**--શાને ચડાવે આળ જુઠાં રસોલી છણુકો૦
**ગંગા**--મીઠા મીઠા બોલે લાલા લોભાવી
**શંકર**--કામણુ કીધાં શાં શાં તેં આ નવલી છણકો૦
**ગંગા**--એકજ જીવન થશે આપણું જીવનજી
**શંકર**--આ હૈડે અલબેલી રહે જે વસેલી છણકો૦

૪૭

**રાધા**--કોને કહોછો કોણુ ફિરંગણુ,
**ચંદન**--રાખો નણુદી નાની,
**દેવકોર**--ખુણે બેસી ખીર ખાઓએ,
વાત રહે નહીં છાની,
મારી નાનકડી ભોજાઈ,
આવતો દેખાડું તારા બાપનો જમાઇ.

રાધા—નહિ ફિરંગણ હું વેરાગણ
દુઃખણી વિધવા બાળા,
દેવકોર—જગત બંધુ જાણે છે ભાભી!
મુકો ખોટા ચાળા,
મારી નાનકડી ભોજાઇ
આવતો દેખાડું તારા બાપનો જમાઇ
રાધા—દુખીઆરીની આશી ઠઠ્ઠા?
આતે કેવી રીત?
દેવકોર—શીદને બાંધી ફિરંગી સાથે
જઇ પહેલાંથી પ્રીત?
મારી નાનકડી ભોજાઇ
આવતો દેખાડું તારા બાપનો જમાઇ.
રાધા—જાઓ તમો બન્નેની સાથે
બોલ્યાની છે બાધા
દેવકોર—કોણ હવે બાઇ મનાવશે?
રીસાણાં રાણી રાધા,
મારી નાનકડી ભોજાઇ
આવતો દેખાડું તારા બાપનો જમાઇ.
ચંદન—અહો ફિરંગી!
દેવકોર— અહો ફિરંગી!
લીધો તમારી નારી,
ચંદન—રમાડજો રાધા રાણીને,
દેવકોર—કામની કામણગારી,
મારી નાનકડી ભોજાઇ,
આવતો દેખાડું તારા બાપનો જમાઇ.

રાધા—ચાલ્યાં ક્યાં ને આ શું કર્જેતો?
    હા અડશો નહિ મુજને.

પ્રાણુશંકર—ચાંપીશ મારા હૈડાં સાથે.
    રસીલી રાધા તુજને,
    મારી લાડીલી લુગાઈ,
    કરીશ ચમન તારી સાથે હું
    ભલો ફિરંગી ભાઇ

રાધા—અરે ફિરંગી

પ્રાણુશંકર—અહો ફૂરંગી!
    રંગીલી મુજ રમણી,

રાધા—અરે દોડજો કોઇ બચાવો,

ગગા—ના ... મજ ...
[પ્રા]ણુશંકર—હાજર છું ... રમણી
    મારી લાડીલી લુગાઇ,
    કરીશ ચમન તારી સાથે હું
    ભલો ફિરંગી ભાઇ
    ... કહું છું નહિતો ............................,આશું?
    શું મારા આધાર?

પ્રાણુશંકર—હું તુજ જીવનહાર રસીલી.
    તું મુજ જીવન સાર,
    મારી લાડીલી લુગાઇ;
    કરીશ ચમન તારી સાથે હું.
    ભલો ફિરંગી ભાઇ

૪૮

એક માતને તાત શરણુ છે અવનીમાં મારૂ
એક ધર્મ શુભ આર્ય તણો હું શ્રેયસ્કર ધારૂં;
એક ધર્મનું ધામ, ભૂમિ આ ભરત તણી ચારૂ;
એક હરિનું નામ; વિશ્વનું તારણ કરનારૂં.

૪૯

સર્વે–સદ્ધર્મ વિજય પામે સૌ ઠામે
અવિચળ જામે આરામે;
હર્યું સંકટ અમ શ્રી જદુરાયે
ત્યમ આર્ય બંધુ સૌ સુખી થાયે;
શાન્તિ સૌ ગામે; ધામે ધામે.
.ની
...આપે આમે. શ્રી રામે— સદ્ધર્મ૦

સમાપ્ત.

Opera
ID N